


# યુસુફે ઝહરા ભાગ-૧૭

## ઈમામ મહદી (અ.ત.ફ.શ.)ની ખિદમતમાં

# જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં ૪૦ હદીસો


www.yusufezehra.com

Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى فَاطِمَةَ وَ اَبِيۡهَا
وَ بَعۡلِهَا وَ بَنِيۡهَا وَالسِّرِّ الۡمُسۡتَوۡدَعِ فِيۡهَا
بِعَدَدِ مَا اَحَاطَ بِهٖ عِلۡمُكَ

**અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું:**

اِنَّمَا سُمِّيَتۡ (فَاطِمَةَ) لِاَنَّ اللّٰهَ فَطَمَ مَنۡ اَحَبَّهَا عَنِ النَّارِ [١]

જનાબે ફાતેમાનું નામ એટલા માટે ‘ફાતેમા’ રાખવામાં આવ્યું કારણ કે ખુદાવંદે આલમે આપ (સ.અ.)થી મોહબ્બત કરવાવાળાઓને જહન્નમથી દૂર રાખ્યા છે.

Az Zahra الزهراء
PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

૧) બેહારૂલ અન્વાર, ભાગ ૪૩, પાના નં. ૧૫

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)એ પોતાના પૂર્વજોથી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી આ રિવાયત નકલ કરી છે:

... قُلْتُ: حَبِيْبِى! جَبْرَئِيْلُ! وَ لِمَ سُمِّيَتْ فِى السَّمَاءِ (الْمَنْصُوْرَةَ) وَ فِى الْاَرْضِ (فَاطِمَةَ)؟ قَالَ: سُمِّيَتْ فِى الْاَرْضِ (فَاطِمَةَ) لِاَنَّهَا فَطِمَتْ شِيْعَتَهَا مِنَ النَّارِ وَ فُطِمَ اَعْدَاؤُهَا عَنْ حُبِّهَا وَهِىَ فِى السَّمَاءِ (الْمَنْصُوْرَةُ) وَ ذَالِكَ قَوْلُ اللّٰهِ عَزَّ وَ جَلَّ: (وَيَوْمَئِذٍ يَفْرَحُ الْمُؤْمِنُوْنَ بِنَصْرِ اللّٰهِ يَنْصُرُ مَنْ يَشَاءُ) يَعْنِىْ نَصْرَ فَاطِمَةَ لِمُحِبِّيْهَا۔[١]

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

મેં મારા દોસ્ત જીબ્રઈલ (અ.સ.)થી પુછયું કે કયા કારણથી (ફાતેમા સ.અ.)ને આસ્માનમાં 'મન્સુરા' અને જમીનમાં 'ફાતેમા' કહેવામાં આવે છે?

તેમણે ફરમાવ્યું: જમીનમાં 'ફાતેમા' એટલા માટે કહેવામાં આવે છે કારણ કે આપ (સ.અ.) પોતાના શીઆઓને જહન્નમની આગથી બચાવશે જ્યારે કે આપ (સ.અ.)ના દુશ્મનોને આપની મોહબ્બતથી વંચિત રાખવામાં આવ્યા છે અને આસ્માનમાં એ માટે 'મન્સુરા' કહેવામાં આવે છે કારણ કે આપ (સ.અ.) કુરઆનની આ આયત

وَيَوْمَئِذٍ يَفْرَحُ الْمُؤْمِنُونَ ﴿﴾ بِنَصْرِ اللَّهِ ۚ يَنْصُرُ مَنْ يَشَاءُ[૨]

ની તફસીરમાં (તે દિવસે મોઅમીનો ખુદાની મદદથી ખુશ થશે અને ખુદા જેની ચાહે મદદ કરે છે) એટલે કે જનાબે ફાતેમા (સ.અ.) પોતાના ચાહવાવાળાઓની મદદ કરશે.

---

૧) બેહારૂલ અન્વાર ભાગ ૪૩, પાના નં. ૪, હદીસ ૩, મઆનીલ અખ્બારમાંથી નકલ કરતા

૨) સુરએ રૂમ, આયત નં. ૪

Az Zahra PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

ઈસ્હાક બીન જઅફરનું બયાન છે કે હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા:

اِنَّمَا سُمِّيَتْ فَاطِمَةُ (مُحَدَّثَةً) لِاَنَّ الْمَلَائِكَةَ كَانَتْ تَهْبِطُ
مِنَ السَّمَاءِ فَتُنَادِيهَا كَمَا تُنَادِى مَرْيَمَ بِنْتَ عِمْرَانَ۔
فَتَقُوْلُ: يَا فَاطِمَةُ! اِنَّ اللّٰهَ اصْطَفَاكِ وَطَهَّرَكِ وَاصْطَفَاكِ
عَلٰى نِسَاءِ الْعَالَمِيْنَ۔ يَا فَاطِمَةُ! اُقْنُتِىْ لِرَبِّكِ وَاسْجُدِىْ
وَارْكَعِىْ مَعَ الرَّاكِعِيْنَ۔ فَتُحَدِّثُهُمْ وَيُحَدِّثُوْنَهَا
فَقَالَتْ لَهُمْ ذَاتَ لَيْلَةٍ! اَلَيْسَتِ الْمُفَضَّلَةُ عَلٰى نِسَاءِ
الْعَالَمِيْنَ مَرْيَمَ بِنْتَ عِمْرَانَ؟ فَقَالُوْ: اِنَّ مَرْيَمَ كَانَتْ
سَيِّدَةَ نِسَاءِ عَالَمِهَا وَاِنَّ اللّٰهَ عَزَّ وَ جَلَّ جَعَلَكِ سَيِّدَةَ
نِسَاءِ عَالَمِكِ وَ عَالَمِهَا وَ سَيِّدَةَ نِسَاءِ الْاَوَّلِيْنَ
وَالْاٰخِرِيْنَ۔ [٩]

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

બેશક જનાબે ફાતેમા (સ.અ.)ને એટલા માટે 'મોહદ્દેસા' કહેવામાં આવે છે કારણ કે તેમના ઉપર આસ્માનથી ફરીશ્તાઓ નાઝીલ થતા હતા અને આપ (સ.અ.)થી એવી રીતે મુખાતબ થતા હતા જેવી રીતે જનાબે મરયમ (સ.અ.) સાથે વાતો કરતા હતા, આપની ખિદમતમાં આવી રીતે અર્ઝ કરતાઃ

અય ફાતેમા (સ.અ.)! બેશક અલ્લાહે આપને ચુંટી કાઢયા, પાકો પાકીઝા રાખ્યા. દુનિયાની તમામ ઔરતો ઉપર આપને ચુંટી કાઢયા, આપ આપના પરવરદિગારની ઈબાદત કરો, તેના સજદા કરો અને રૂકુઅ કરવાવાળાઓની સાથે રૂકુઅ કરો. આપ (સ.અ.) ફરિશ્તાઓ સાથે વાતો કરતા હતા અને ફરિશ્તાઓ આપની સાથે વાતો કરતા હતા.

એક દિવસ આપ (સ.અ.)એ ફરિશ્તાઓને અર્ઝ કરીઃ શું જનાબે મરીયમ બિન્તે ઈમરાનને દુનિયાઓની તમામ ઔરતો ઉપર શ્રેષ્ઠતા આપવામાં નથી આવી?

ફરિશ્તાઓએ કહ્યુંઃ જનાબે મરીયમ પોતાના ઝમાનાની ઔરતોની સરદાર હતા પરંતુ ખુદાવંદે આલમે આપને આપના ઝમાના, જનાબે મરીયમના ઝમાના અને પહેલેથી છેલ્લે સુધી તમામ ઝમાનાની ઔરતોના સરદાર કરાર દીધા છે.

૧) બેહારૂલ અન્વાર, ભાગ ૪૩, પાના નં. ૭૮, હદીસ ૬૫, એલલુશ્શરાએમાંથી નકલ કરતા

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

જનાબે જાબીરે હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી સવાલ કર્યો કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ને ‘ઝહરા’ શા માટે કહેવામાં આવે છે?

لِاَنَّ اللّٰهَ — عَزَّوَجَلَّ — خَلَقَهَا مِنْ نُورِ عَظَمَتِهِ فَلَمَّا
أَشْرَقَتْ أَضَاءَتِ السَّمَاوَاتُ وَ الْأَرْضُ بِنُورِهَا وَ غَشِيَتْ
أَبْصَارَ الْمَلَائِكَةِ وَ خَرَّتِ الْمَلَائِكَةُ لِلّٰهِ سَاجِدِينَ وَ قَالُوا
إِلٰهَنَا وَ سَيِّدَنَا مَا هٰذَا النُّورُ فَأَوْحَى اللّٰهُ إِلَيْهِمْ هٰذَا نُورٌ
مِنْ نُورِي وَ أَسْكَنْتُهُ فِي سَمَائِي خَلَقْتُهُ مِنْ عَظَمَتِي
أُخْرِجُهُ مِنْ صُلْبِ نَبِيٍّ مِنْ أَنْبِيَائِي أُفَضِّلُهُ عَلَى جَمِيعِ
الْأَنْبِيَاءِ وَ أُخْرِجُ مِنْ ذٰلِكَ النُّورِ أَئِمَّةً يَقُومُونَ بِأَمْرِي
يَهْدُونَ إِلَى حَقِّي وَ أَجْعَلُهُمْ خُلَفَائِي فِي أَرْضِي بَعْدَ
انْقِضَاءِ وَحْيِي.[٩]

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ
www.yusufezehra.com

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

આપ (અ.સ.)એ ફરમાવ્યુંઃ ખુદાવંદે આલમે આપ (સ.અ.)ને પોતાના નૂરે અઝમતથી પૈદા કર્યા છે. જ્યારે આપના નૂરની રોશની ફેલાણી તો આસ્માન અને જમીન રોશન થઈ ગયા. ફરિશ્તાઓની આંખો આશ્ચર્યમાં પડી ગઈ. ફરિશ્તાઓ ખુદાની બારગાહમાં સજદામાં પડી ગયા અને અર્ઝ કરવા લાગ્યાઃ ખુદાયા! પરવરદિગાર! આ કોનુ નૂર છે? ખુદાએ તેઓને વહી કરીઃ આ નૂર મારા નૂરથી છે. આને મેં મારા આસ્માનમાં રાખ્યુ છે. આને મેં મારી અઝમત વડે પૈદા કર્યું છે. હું આને મારા એક નબીની સુલ્બથી પૈદા કરીશ. આને મેં તમામ અંબીયા (અ.મુ.સ.) ઉપર શ્રેષ્ઠતા અતા કરી છે. તેમના નૂરથી અઈમ્મા (અ.મુ.સ.)ના નૂરને પૈદા કરીશ કે જેઓ મારા અમ્રને જીવંત કરશે, મારા હક્કની તરફ લોકોની હિદાયત કરશે. તેઓ (અ.મુ.સ.)ને વહીના સિલસિલાના ખત્મ થઈ જવા પછી જમીનમાં મારા જાનશીન બનાવીશ.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ ૪૩, પાના નં. ૧૨, હદીસ ૫, એલલુશ્શરાએમાંથી નકલ કરતા

Az Zahra PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

ઈબ્ને અમ્મારે પોતાના પિતાથી રિવાયત કરી છે કે તેમણે ઈમામ જઅફરે સાદિક (અ.સ.)ને પુછયું કે જનાબે ફાતેમા (સ.અ.)ને 'ઝહરા' શા માટે કહેવામાં આવે છે?

لِأَنَّهَا كَانَتْ إِذَا قَامَتْ فِي مِحْرَابِهَا زَهَرَ نُورُهَا لِأَهْلِ
السَّمَاءِ كَمَا يَزْهَرُ نُورُ الْكَوَاكِبِ لِأَهْلِ الْأَرْضِ.[૧]

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું: એટલા માટે કે જ્યારે આપ (સ.અ.) મહેરાબે ઈબાદતમાં ઉભા રહેતા હતા તો આપનું નૂર આસ્માનવાળાઓ માટે એવી રીતે ચમકતુ જેવી રીતે જમીનવાળાઓ માટે તારાઓ ચમકે છે.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ ૪૩, પાના નં. ૧૨, હદીસ ૬, મઆનીલ અખ્બાર અને એલલુશ્શરાએમાંથી નકલ કરતા

Az Zahra الزهراء
PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ
www.yusufezehra.com

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

...وَلَوْ كَانَ الْحُسْنُ هَيْئَةً لَكَانَتْ فَاطِمَةُ، بَلْ هِيَ أَعْظَمُ۔ إِنَّ فَاطِمَةَ، ابْنَتِي، خَيْرُ أَهْلِ الْأَرْضِ عُنْصُرًا وَ شَرَفًا وَ كَرَمًا۔[૧]

અગર ખુબીઓ અને નેકીઓને ઈન્સાની સ્વરૂપ આપવામાં આવે તો તે જનાબે ફાતેમા (સ.અ.) હશે પરંતુ તેનાથી પણ શ્રેષ્ઠ. બેશક જનાબે ફાતેમા (સ.અ.) મારી દુખ્તર છે અને હકીકતમાં તમામ જમીનવાસીઓમાં શરાફત, અઝમત, કરમ, ઈઝઝતમાં શ્રેષ્ઠ છે.

૧) મુસઅતહ મુન્કબતહ, ૩૫

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)એ ફરમાવ્યું:

...فَدَخَلَ رَسُولُ اللّٰهِ يَوماً فَسَمِعَ خَدِيجَةَ تُحَدِّثُ
فَاطِمَةَ عليها السلام فَقَالَ لَهَا يَا خَدِيجَةُ مَنْ تُحَدِّثِينَ قَالَتْ
الْجَنِينُ الَّذِي فِي بَطْنِي يُحَدِّثُنِي وَ يُؤْنِسُنِي قَالَ : يَا
خَدِيجَةُ هَذَا جَبْرَئِيلُ يُخْبِرُنِي أَنَّهَا أُنْثَى، وَ أَنَّهَا
النَّسْلَةُ الطَّاهِرَةُ الْمَيْمُونَةُ وَ أَنَّ اللّٰهَ —تَبَارَكَ وَ تَعَالَى
—سَيَجْعَلُ نَسْلِي مِنْهَا، وَ سَيَجْعَلُ مِنْ نَسْلِهَا أَئِمَّةً،
وَ يَجْعَلُهُمْ خُلَفَاءَهُ فِي أَرْضِهِ بَعْدَ انْقِضَاءِ وَحْيِهِ[૧]

એક દિવસ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) જનાબે ખદીજા (સ.અ.) પાસે આવ્યા તો જોયુ કે તેઓ જનાબે ફાતેમા (સ.અ.) સાથે વાતો કરી રહ્યા છે. આં હઝરત (સ.અ.વ.)એ પુછયું: અય ખદીજા (સ.અ.)! તમે કોની સાથે વાતો કરી રહ્યા હતા? ફરમાવ્યું: જે બાળક મારા શિકમમાં છે તે મારી સાથે વાતો કરે છે, મારૂ દિલ બહેલાવે છે. આં હઝરત (સ.અ.વ.)એ ફરમાવ્યું: અય ખદીજા (સ.અ.)! મને જનાબે જીબ્રઈલ (અ.સ.)એ ખબર આપી છે કે આ બાળક દુખ્તર છે, તેમની નસ્લ પાકો પાકીઝા છે, તેઓ બાબરકત હશે. ખુદાવંદે આલમ તેના વડે મારી નસ્લને આગળ વધારશે, તેમની નસ્લમાંથી ઈમામોને નિયુકત કરશે અને વહીના સિલસિલાના ખત્મ થઈ જવા પછી તેઓ (અ.મુ.સ.)ને પોતાની જમીન ઉપર પોતાના જાનશીન કરાર દેશે.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ ૪૩, પાના નં. ૨, હદીસ ૧, શૈખે સદુક (અ.ર.)ની એલલુશ્શરાએમાંથી નકલ કરતા

Az Zahra الزهراء
PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in



# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

... فَأَوْحَى اللّهُ---عَزَّ وَ جَلَّ---إِلَيَّ أَنْ قَدْ وُلِدَ لَكَ حَوْرَاءُ إِنْسِيَّةٌ فَزَوِّجِ النُّورَ مِنَ النُّورِ فَاطِمَةَ مِنْ عَلِيٍّ فَإِنِّي قَدْ زَوَّجْتُهَا فِي السَّمَاءِ وَ جَعَلْتُ خُمُسَ الْأَرْضِ مَهْرَهَا وَ يُسْتَخْرَجُ فِيمَا بَيْنَهُمَا ذُرِّيَّةٌ طَيِّبَةٌ وَ هُمَا سِرَاجَا الْجَنَّةِ الْحَسَنُ وَ الْحُسَيْنُ وَ يَخْرُجُ مِنْ صُلْبِ الْحُسَيْنِ أَئِمَّةٌ يُقْتَلُونَ وَ يُخْذَلُونَ فَالْوَيْلُ لِقَاتِلِهِمْ وَ خَاذِلِهِمْ.[૧]

ખુદાવંદે આલમે મારા ઉપર વહી નાઝીલ કરી કે મારે ત્યાં એક ઈન્સાની હુર્રાની વિલાદત થશે. નૂરની શાદી નૂર સાથે કરી દો 'ફાતેમા (સ.અ.)ની શાદી અલી (અ.સ.) સાથે' કરી દો. કારણ કે મેં આસ્માનમાં આ શાદી કરી દીધી છે. જમીનવાળાઓનું ખુમ્સ તેમની મહેર કરાર દીધી છે. તેઓ બન્નેથી પાકો પાકીઝા નસ્લ પૈદા થશે, તેમના બન્ને ફરઝંદો જન્નતના ચિરાગો છે, તેઓ હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) છે અને હુસૈન (અ.સ.)ની નસ્લમાંથી અઈમ્મા (અ.મુ.સ.) કરાર દઈશ. તેમનો સાથ ન આપવાવાળાઓ માટે ઝિલ્લત અને અઝાબ છે.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ ૩૬, પાના નં. ૩૬૧, હદીસ ૨૩, કન્ઝો જામેઉલ ફવાએદ વ તઅવીલુલ આયાતીત્તાહેરાથી નકલ કરતા

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ અલી બિન મુસા રેઝા (અ.સ.)એ પોતાના પિતાથી, તેમણે તેમના પૂર્વજોથી હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)થી નકલ કર્યું, તેમણે ફરમાવ્યું કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

يَا عَلِيُّ! ...فَهَبَطَ عَلَيَّ جَبْرَئِيلُ فَقَالَ : يَا مُحَمَّدُ! إِنَّ
اللّٰهَ —جَلَّ جَلَالُهُ— يَقُولُ لَوْ لَمْ أَخْلُقْ عَلِيّاً لَمَا كَانَ
لِفَاطِمَةَ ابْنَتِكَ كُفُوٌ عَلَى وَجْهِ الْأَرْضِ آدَمُ فَمَنْ دُونَهُ.[૧]

અય અલી (અ.સ.)! જનાબે જીબ્રઈલ (અ.સ.) મારા ઉપર નાઝીલ થયા અને ફરમાવ્યું: અય મોહમ્મદ (સ.અ.વ.)! ખુદાવંદે અઝઝ વ જલ્લ ફરમાવે છે કે અગર હું અલી (અ.સ.)ને પૈદા ન કરત તો તમારી દુખ્તર ફાતેમા (સ.અ.)નું આખી જમીનમાં કોઈ હમસર ન હોતે, ન જનાબે આદમ (અ.સ.) ન કોઈ બીજું.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ ૪૩, પાના નં. ૯૨, હદીસ ૩, ઓયુને અખ્બારે રેઝા (અ.સ.)થી નકલ કરતા

Az Zahra الزهراء
PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

જનાબે અમ્મારે યાસીર (અ.ર.)એ કહ્યું કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

يَا عَلِيُّ! إِنَّ اللّٰهَ—عَزَّ وَ جَلَّ—زَوَّجَكَ فَاطِمَةَ وَ جَعَلَ صَدَاقَهَا الْأَرْضَ فَمَنْ مَشَى عَلَيْهَا مُبْغِضاً لَكَ مَشَى حَرَاماً.[૧]

અય અલી (અ.સ.)! બેશક ખુદાવંદે અઝઝ વ જલ્લએ તમારી શાદી જનાબે ફાતેમા (સ.અ.) સાથે કરી છે અને તમામ જમીનને તેમની મહેર કરાર દીધી. જેના દિલમાં આપ (સ.અ.)ની દુશ્મની અને બુગ્ઝ હશે તેનું આ જમીન ઉપર ચાલવું હરામ છે.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ ૩૭, પાના નં. ૭૦

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)એ પોતાના પૂર્વજોથી તેમણે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.)થી રિવાયત કરી છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

... لَقَدْ نَحَلَ اللّٰهُ طُوبَى فِي مَهْرِ فَاطِمَةَ عليها السلام
فَجَعَلَهَا فِي مَنْزِلِ عَلِيٍّ عليه السلام.[૧]

**ખુદાવંદે આલમે જન્નતનું વૃક્ષ જનાબે ફાતેમા (સ.અ.)ની મહેર કરાર દીધું છે અને તેને હઝરત અલી (અ.સ.)ના ઘરમાં કરાર દીધું છે.**

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ ૪૩, પાના નં. ૯૮, હદીસ ૧૦, શૈખે સદુક (અ.ર.)ની આમાલીમાંથી નકલ કરતા

Az Zahra الزّهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)એ  ફરમાવ્યું:

إِنَّ اللّٰهَ —تَبَارَكَ وَ تَعَالَى— أَمْهَرَ فَاطِمَةَ ع رُبُعَ
الدُّنْيَا فَرُبُعُهَا لَهَا وَ أَمْهَرَهَا الْجَنَّةَ وَ النَّارَ تُدْخِلُ
أَعْدَاءَهَا النَّارَ وَ تُدْخِلُ أَوْلِيَاءَهَا الْجَنَّةَ وَ هِيَ
الصِّدِّيقَةُ الْكُبْرَى وَ عَلَى مَعْرِفَتِهَا دَارَتِ الْقُرُونُ
الْأُولَى[1]

ખુદાવંદે આલમે એક ચોથાઈ દુનિયા જનાબે ફાતેમા (સ.અ.)ના મહેરમાં કરાર દીધી છે. તેથી એક ચોથાઈ દુનિયા આપ (સ.અ.)ની છે. આના સિવાય જન્નત અને જહન્નમ આપ (સ.અ.)ની મહેરમાં કરાર દેવામાં આવ્યું છે. આપ પોતાના દુશ્મનોને જહન્નમમાં નાખશે અને પોતાના ચાહવાવાળાઓને જન્નતમાં દાખલ કરશે. આપ સિદ્દીકએ કુબરા છે, આપની મઅરેફતની ધરી ઉપર પહેલાના અંબીયા (અ.મુ.સ.) અને પહેલાની કૌમોની ઝીંદગી ફરી રહી છે (એટલે કે તેમની મઅરફેતની બુનિયાદો પર દુનિયા કેન્દ્રીત છે).

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ ૪૩, પાના નં. ૧૦૫, હદીસ ૧૯, શૈખે તુસી (અ.ર.)ની આમાલીમાંથી નકલ કરતા

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છેઃ

مَا تَكَامَلَتِ النُّبُوَّةُ لِنَبِيٍّ حَتّٰى اَقَرَّ بِفَضْلِهَا وَ مَحَبَّتِهَا۔ [૧]

કોઈ નબીની નુબુવ્વત ત્યાં સુધી સંપૂર્ણ નથી થતી જ્યાં સુધી કે તે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલત અને તેમની મોહબ્બતનો ઈકરાર ન કરી લે.

---

૧) મુલ્તકેયુલ બેહરૈન, ૪૦

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

www.yusufezehra.com
Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)થી હય્યા અલ ખય્રીલ અમલના અર્થના બારામાં સવાલ કરવામાં આવ્યો તો આપ (અ.સ.)એ ફરમાવ્યું:

خَيْرُ الْعَمَلِ بِرُّ فَاطِمَةَ وَ وُلْدِهَا۔ ૧

ખય્ર અમલથી મુરાદ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) અને તેમના ફરઝંદોની સાથે નેકી કરવી છે.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ ૪૩, પાના નં. ૪૪, હદીસ ૪૪, ઈબ્ને શહરે આશુબની મનાકીબમાંથી નકલ કરતા

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ

مَعَاشِرَ النَّاسِ مَنِ افْتَقَدَ الشَّمْسَ فَلْيَتَمَسَّكْ بِالْقَمَرِ وَ مَنِ افْتَقَدَ الْقَمَرَ فَلْيَتَمَسَّكْ بِالزُّهَرَةِ وَ مَنِ افْتَقَدَ الزُّهَرَةَ فَلْيَتَمَسَّكْ بِالْفَرْقَدَيْنِ ثُمَّ قَالَ رَسُولُ اللّٰهِ ص أَنَا الشَّمْسُ وَ عَلِيٌّ ع الْقَمَرُ وَ فَاطِمَةُ الزُّهَرَةُ وَ الْحَسَنُ وَ الْحُسَيْنُ الْفَرْقَدَانِ۔[1]

અય લોકો! જ્યારે સૂરજ ન હોય ચાંદથી તમસ્સુક કરો અને જ્યારે ચાંદ ન હોય તો ઝોહરહથી તમસ્સુક કરો અને જ્યારે ઝોહરહ ન હોય તો ફરકદૈન (બે રહેનુમા સિતારા)થી તમસ્સુક કરો. તેના પછી આં હઝરત (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ હું સૂરજ છું, અલી (અ.સ.) ચાંદ છે, જનાબે ફાતેમા (સ.અ.) ઝોહરહ છે અને હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) ફરકદૈન છે.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ ૧૬, પાના નં. ૯૧, હદીસ ૨૩, મઆનીલ અખ્બારમાંથી નકલ કરતા

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

فَاطِمَةُ بَهْجَةُ قَلْبِي وَ ابْنَاهَا ثَمَرَةُ فُؤَادِي وَ بَعْلُهَا نُورُ بَصَرِي وَ الْأَئِمَّةُ مِنْ وُلْدِهَا أُمَنَاءُ رَبِّي وَ حَبْلٌ مَمْدُودٌ بَيْنَهُ وَ بَيْنَ خَلْقِهِ مَنِ اعْتَصَمَ بِهِمْ نَجَا وَ مَنْ تَخَلَّفَ عَنْهُمْ هَوَى۔[૧]

ફાતેમા (સ.અ.) મારા દિલની ખુશી છે, તેમના બન્ને ફરઝંદો મારા લખ્તે જીગર છે, તેમના પતિ મારી આંખોનું નૂર છે. તેમની ઔલાદમાંથી અઈમ્મા (અ.મુ.સ.) મારા પરવરદિગારના અમાનતદાર છે. ખુદા અને તેની મખ્લુકની વચ્ચે રાબેતો અને મજબુત રસ્સી છે, જે તેમનાથી મુતમસ્સીક થયો તે નજાત પામ્યો અને જે તેમનાથી પાછળ રહી ગયો તે હલાક અને બરબાદ થઈ ગયો.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ ૨૩, પાના નં. ૧૧૦, હદીસ ૧૬

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.: AZZAHRA Imambada Baqerya 20/24, Raudat Tahera Street, Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

જનાબે જાબીરની રિવાયત છે કે તેમણે હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી ખુદાના આ ફરમાનના બારામાં સવાલ કર્યો:

كَشَجَرَةٍ طَيِّبَةٍ أَصۡلُهَا ثَابِتٌ وَفَرۡعُهَا فِي السَّمَاءِ ﴿﴾ تُؤۡتِي
أُكُلَهَا كُلَّ حِينٍ بِإِذۡنِ رَبِّهَا۔[૧]

તે એક પાકીઝા વૃક્ષના જેવા છે કે જેના મૂળ મજબૂત હોય અને જેની ડાળીઓ આસ્માન પર પહોંચેલી હોય. દરેક ઋતુમાં તે અલ્લાહના હુકમથી પોતાના ફળ આપતું રહેતું હોય. ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું:

أَمَّا الشَّجَرَةُ فَرَسُولُ اللّٰهِ صلى الله عليه وآله وسلم وَ فَرۡعُهَا عَلِيٌّ عليه السلام
وَ غُصۡنُ الشَّجَرَةِ فَاطِمَةُ بِنۡتُ رَسُولِ اللّٰهِ صلى الله عليه وآله وسلم وَ ثَمَرُهَا
أَوۡلَادُهَا عليهم السلام وَ وَرَقُهَا شِيعَتُنَا۔ ثُمَّ قَالَ: إِنَّ
الۡمُؤۡمِنَ مِنۡ شِيعَتِنَا لَيَمُوتُ فَيَسۡقُطُ مِنَ الشَّجَرَةِ وَرَقَةٌ
وَإِنَّ الۡمَوۡلُودَ مِنۡ شِيعَتِنَا لَيُولَدُ فَتُورِقُ الشَّجَرَةُ وَرَقَةً[૨]

તે વૃક્ષ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) છે, થડ હઝરત અલી (અ.સ.) છે, ડાળીઓ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) છે, ફળો તેમના ફરઝંદો છે અને પાંદડાઓ અમારા શીઆઓ છે. તેના પછી ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું: જ્યારે અમારો કોઈ શીઆ મોઅમીન આ દુનિયાથી ચાલ્યો જાય છે તો તે વૃક્ષમાંથી એક પાંદડુ ખરી જાય છે અને જ્યારે અમારા કોઈ શીઆ બાળકની વિલાદત થાય છે તો એક પાંદડુ તે વૃક્ષમાં ઉગી જાય છે.

Az Zahra الزهراء
PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

૧) સુરએ ઈબ્રાહીમ, આયત ૨૫)
૨) બેહારૂલ અન્વાર, ભાગ-૨૪, પાના નં. ૧૩૭, હદીસ ૧, મઆનીલ અખ્બારમાંથી નકલ કરતા)

Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ
www.yusufezehra.com

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) તેમના એક પત્રમાં ફરમાવે છેઃ

فِىْ اِبْنَةِ رَسُوْلِ اللّٰهِ لِىْ اُسْوَةٌ حَسَنَةٌ [૧]

'દુખ્તરે રસુલ (જનાબે ફાતેમાહ ઝહરા સલામુલ્લાહે અલયહા) મારા માટે શ્રેષ્ઠ નમુના એ અમલ છે.'

---

૧) બેહારૂલ અન્વાર, ભા. ૫૩, પા. ૧૮૦

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

જનાબે જાબીર બિન અબ્દુલ્લાહ અન્સારી (અ.ર.)એ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત નકલ કરી છે. ખુદાવંદે અઝ્ઝ વ જલ્લ ફરમાવે છે:

يَا اَحمَدُ! لَوْلَاكَ، لَمَا خَلَقْتُ الْاَفْلَاكَ۔ وَلَوْلَا عَلِيٌّ، لَمَا خَلَقْتُكَ۔ وَلَوْلَا فَاطِمَةُ، لَمَا خَلَقْتُكُمَا۔[૧]

અય અહમદ (સ.અ.વ.)! અગર આપ ન હોત તો હું આસ્માનને પૈદા ન કરત, અગર અલી (અ.સ.)ન હોત તો હું આપને પૈદા ન કરત અને અગર જનાબે ફાતેમા (સ.અ.) ન હોત તો હું તમને બન્નેને પૈદા ન કરત.

---

૧) મુસ્તદરકે સફીનતીલ બેહાર, ભાગ ૩, પાના નં. ૩૩૪

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત છેઃ

إِنَّا أَنْزَلْنَاهُ فِي لَيْلَةِ الْقَدْرِ-اللَّيْلَةُ فَاطِمَةُ وَ الْقَدْرُ اللّٰهُ
فَمَنْ عَرَفَ فَاطِمَةَ حَقَّ مَعْرِفَتِهَا فَقَدْ أَدْرَكَ لَيْلَةَ الْقَدْرِ
وَ إِنَّمَا سُمِّيَتْ فَاطِمَةَ لِأَنَّ الْخَلْقَ فُطِمُوا عَنْ مَعْرِفَتِهَا-[1]
اِنَّا اَنْزَلْنَاهُ فِيْ لَيْلَةِ الْقَدْرِ[2]

આપ (અ.સ.) કુરઆનની આ આયત 'બેશક અમે તેને લય્લતુલ કદ્રમાં નાઝીલ કર્યું છે' વિષે ફરમાવે છે કે 'લય્લ'થી મુરાદ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) છે અને 'કદ્ર'થી મુરાદ અલ્લાહ છે. જેને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની હકીકી મઅરેફત હાસીલ થઈ ગઈ, તેને શબે કદ્ર નસીબ થઈ ગઈ. જનાબે ફાતેમા (સ.અ.)ને 'ફાતેમા' એટલા માટે કહેવામાં આવે છે કારણ કે તેમની હકીકી મઅરેફત લોકોથી દૂર રાખવામાં આવી છે.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, હદીસ ૫૮, તફસીરે ફુરાતથી નકલ કરતા

૨) સુરએ કદ્ર, આયત નં. ૧

Az Zahra الزهراء
PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

જનાબે હુમરાને હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)થી રિવાયત નકલ કરી કે ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું:

...وَ أَمَّا قَوْلُهُ (لَيْلَةُ الْقَدْرِ خَيْرٌ مِنْ أَلْفِ شَهْرٍ)، يَعْنِي فَاطِمَةَ عليها السلام وَ قَوْلُهُ (تَنَزَّلُ الْمَلائِكَةُ وَ الرُّوحُ فِيها)، وَ الْمَلَائِكَةُ فِي هَذَا الْمَوْضِعِ الْمُؤْمِنُونَ الَّذِينَ يَمْلِكُونَ عِلْمَ آلِ مُحَمَّدٍ عليهم السلام وَ (الرُّوحُ)، رُوحُ الْقُدُسِ وَ هُوَ فِي فَاطِمَةَ عليها السلام۔[૧]

ખુદાનું આ ફરમાન લય્લતુલ કદ્રે ખય્રૂમ મીન અલ્ફે શહ્ર[૨] (શબે કદ્ર હજાર મહીનાઓથી બહેતર છે) આથી મુરાદ જનાબે ફાતેમા (સ.અ.) છે અને 'વ તનઝલુલ મલાએકતો વર્રૂહો ફીહા'[૩] (મલાએકા અને રૂહો નાઝીલ થતા રહે છે) અહીં 'મલાએકા'થી મુરાદ એ મોઅમીનો છે જે આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના ઉલુમને હાસીલ કરે છે, 'વર્રૂહો'થી મુરાદ રૂહુલ કોદોસ છે, તે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)માં છે.

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૨૫, પાના નં. ૯૭, હદીસ ૬૯

૨) સુરએ કદ્ર, આયત નં. ૩

૩) સુરએ કદ્ર, આયત નં. ૪

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.: AZZAHRA Imambada Baqerya 20/24, Raudat Tahera Street, Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

www.yusufezehra.com
Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

જનાબ મોહમ્મદ બિન સેનાને હઝરત ઈમામ મોહમ્મદ તકી (અ.સ.)થી રિવાયત કરી છે કે ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું:

يَا مُحَمَّدُ! إِنَّ اللّٰهَ تَبَارَكَ وَ تَعَالَى لَمْ يَزَلْ مُتَفَرِّداً بِوَحْدَانِيَّتِهِ، ثُمَّ خَلَقَ مُحَمَّداً وَ عَلِيّاً وَ فَاطِمَةَ فَمَكَثُوا أَلْفَ دَهْرٍ، ثُمَّ خَلَقَ جَمِيعَ الْأَشْيَاءِ فَأَشْهَدَهُمْ خَلْقَهَا وَ أَجْرَىٰ طَاعَتَهُمْ عَلَيْهَا، وَ فَوَّضَ أُمُورَهَا إِلَيْهِمْ فَهُمْ يُحِلُّونَ مَا يَشَاءُونَ وَ يُحَرِّمُونَ مَا يَشَاءُونَ وَ لَنْ يَشَاءُوا إِلَّا أَنْ يَشَاءَ اللّٰهُ تَبَارَكَ وَ تَعَالَى۔ ثُمَّ قَالَ: يَا مُحَمَّدُ! هَذِهِ الدِّيَانَةُ الَّتِي مَنْ تَقَدَّمَهَا مَرَقَ وَ مَنْ تَخَلَّفَ عَنْهَا مَحَقَ (مُحِقَ) وَ مَنْ لَزِمَهَا لَحِقَ۔[૧]

અય મોહમ્મદ! ખુદાવંદે આલમે પહેલેથી એક અને એકલો છે પછી તેણે મોહમ્મદ (સ.અ.વ.), અલી (અ.સ.) અને જનાબે ફાતેમા (સ.અ.)ને પૈદા કર્યા. આ લોકો હજાર ઝમાનાઓ સુધી રહ્યા પછી અલ્લાહ તઆલાએ બધી વસ્તુઓ પૈદા કરી. આ લોકોને તે ખિલ્કત ઉપર ગવાહ બનાવ્યા અને તે બધા ઉપર તેમની ઈતાઅત વાજીબ અને જરૂરી કરી. બધી વસ્તુઓના બધા જ કાર્યો તેમને સુપુર્દ કરી દીધા. આ લોકો જે વસ્તુઓને ચાહે હલાલ કરે અને જે વસ્તુઓને ચાહે હરામ કરાર દે છે અને આ લોકો હરગિઝ નથી ચાહતા પરંતુ ફક્ત તે કે જે અલ્લાહ ચાહે છે. આના પછી ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું:

અય મોહમ્મદ! આ એ દીન અને અકીદો છે કે જે આનાથી આગળ નીકળી ગયો તે ગુમરાહ થઈ ગયો, જે પાછળ રહી ગયો તે હલાક થઈ ગયો અને જે મુતમસ્સીક રહ્યો તે કામ્યાબ થઈ ગયો.

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૧૫, પાના નં. ૧૯, હદીસ ૨૯, કાફીમાંથી નકલ કરતા

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

જનાબે અબુ બસીરે હઝરત અબુ જઅફર ઈમામ મોહમ્મદ તકી (અ.સ.)થી રિવાયત નકલ કરી છે:

... و لَقَدْ كَانَتْ عليها السلام مَفْرُوْضَةَ الطَّاعَةِ عَلَى جَمِيْعِ مَنْ خَلَقَ اللّٰهُ مِنَ الْجِنِّ وَالْاِنْسِ وَالطَّيْرِ وَالْوَحْشِ وَالْاَنْبِيَاءِ وَالْمَلَائِكَةِ۔ [૧]

બેશક હઝરત ફાતેમા ઝહરા (સ.અ.)ની ઈતાઅત ખુદાની તમામ મખ્લુકાત જીન્નાત, ઈન્સાનો, પક્ષીઓ, જંગલી જાનવર, અંબીયા (અ.મુ.સ.) અને મલાએકા બધા ઉપર જરૂરી અને વાજીબ છે.

૧) દલાએલુલ ઈમામહ, પા. ૨૭

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)થી નકલ કરે છે કે આપ (સ.અ.)એ ફરમાવ્યું કે મને રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

يَا فَاطِمَةُ! مَنْ صَلَّى عَلَيْكِ، غَفَرَ اللّٰهُ لَهُ وَ اَلْحَقَهُ بِيْ حَيْثُ كُنْتُ مِنَ الْجَنَّةِ۔[1]

અય ફાતેમા (સ.અ.)! જે કોઈ તમારા ઉપર સલવાત મોકલે અલ્લાહ તેને માફ કરી દે છે અને હું જન્નતમાં જ્યાં પણ હોવ તેને મારી સાથે મેળવી દેશે.

---

૧) મુસ્તદરકે વસાએલ, ભાગ-૧૦, પાના નં. ૨૧૧, હદીસ ૨, સ. ૧૧૮૭૭, બેહારૂલ અન્વારમાંથી અને તેમાં મીસ્બાહુલ અન્વારમાંથી નકલ કરતા

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

إِنَّ اللّٰهَ قَدْ وَكَّلَ بِفَاطِمَةَ رَعِيلًا مِنَ الْمَلَائِكَةِ
يَحْفَظُونَهَا مِنْ بَيْنِ يَدَيْهَا وَ مِنْ خَلْفِهَا وَ عَنْ يَمِينِهَا وَ
عَنْ يَسَارِهَا وَ هُمْ مَعَهَا فِي حَيَاتِهَا وَ عِنْدَ قَبْرِهَا بَعْدَ
مَوْتِهَا يُكْثِرُونَ الصَّلَاةَ عَلَيْهَا وَ عَلَى أَبِيهَا وَ بَعْلِهَا وَ
بَنِيهَا فَمَنْ زَارَنِي بَعْدَ وَفَاتِي فَكَأَنَّمَا زَارَ فَاطِمَةَ وَ مَنْ زَارَ
فَاطِمَةَ فَكَأَنَّمَا زَارَنِي وَ مَنْ زَارَ عَلِيَّ بْنَ أَبِي طَالِبٍ فَكَأَنَّمَا
زَارَ فَاطِمَةَ وَ مَنْ زَارَ الْحَسَنَ وَ الْحُسَيْنَ فَكَأَنَّمَا زَارَ
عَلِيّاً وَ مَنْ زَارَ ذُرِّيَّتَهُمَا فَكَأَنَّمَا زَارَهُمَا۔[૧]

ખુદાવંદે આલમે ફરિશ્તાઓના એક સમુહને નિયુકત કર્યો છે, જે જનાબે ફાતેમા (સ.અ.)ની જમણી બાજુથી, ડાબી બાજુથી, આગળથી, પાછળથી હિફાઝત કરે છે. તેઓ ઝીંદગીમાં તેમની સાથે છે અને વફાત પછી આપની કબ્ર ઉપર છે. તે ફરિશ્તાઓ તેમના ઉપર, તેમના પિતા ઉપર, તેમના પતિ ઉપર અને તેમના ફરઝંદો ઉપર ખુબ વધારે સલવાત અને સલામ મોકલતા રહે છે. જેણે મારા મૃત્યુ પછી મારી ઝિયારત કરી તેણે ફાતેમા (સ.અ.)ની ઝિયારત કરી અને જેણે ફાતેમા (સ.અ.)ની ઝિયારત કરી તેણે મારી ઝિયારત કરી. જેણે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની ઝિયારત કરી તેણે જનાબે ફાતેમા (સ.અ.)ની ઝિયારત કરી અને જેણે હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ની ઝિયારત કરી તેણે જાણે અલી (અ.સ.)ની ઝિયારત કરી, જેણે તેઓ બન્નેની ઝુરરીય્યત (અઈમ્મા અ.મુ.સ.ની) ઝિયારત કરી તો જાણે તેણે તે બન્નેની ઝિયારત કરી.

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.: AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૯૭, પાના નં. ૧૨૨, હદીસ ૨૮, બશારતુલ મુસ્તફામાંથી નકલ કરતા

www.yusufezehra.com
Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છેઃ

لَمَّا بَنَى أَمِيرُ الْمُؤْمِنِينَ بِفَاطِمَةَ عليها السّلام اِخْتَلَفَ
رَسُولُ اللّٰهِ صلّى الله عليه وآله وسلّم إِلَى بَابِهَا أَرْبَعِينَ صَبَاحاً كُلَّ غَدَاةٍ
يَدُقُّ الْبَابَ ثُمَّ يَقُولُ: السَّلَامُ عَلَيْكُمْ يَا أَهْلَ بَيْتِ
النُّبُوَّةِ وَ مَعْدِنَ الرِّسَالَةِ وَ مُخْتَلَفَ الْمَلَائِكَةِ۔ الصَّلَاةَ!
رَحِمَكُمُ اللّٰهُ! ﴿إِنَّمَا يُرِيدُ اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ
أَهْلَ الْبَيْتِ وَ يُطَهِّرَكُمْ تَطْهِيراً﴾[૧] ثُمَّ قَالَ: يَدُقُّ دَقّاً
أَشَدَّ مِنْ ذَلِكَ وَ يَقُولُ أَنَا سِلْمٌ لِمَنْ سَالَمْتُمْ وَ حَرْبٌ
لِمَنْ حَارَبْتُمْ۔[૨]

જ્યારે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ને પોતાના ઘરે લાવ્યા. ત્યાર બાદ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ચાલીસ દિવસ સુધી દરરોજ સવારે હઝરત ફાતેમા (સ.અ.)ના ઘરના દરવાજા ઉપર હાજર થતા હતા, દરવાજો ખટખટાવતા અને ફરમાવતાઃ અય એહલેબૈત (અ.મુ.સ.)! બેશક ખુદાવંદે આલમે એ ઈરાદો કર્યો છે કે તમારાથી દરેક નજાસતોને દૂર રાખે અને એવી રીતે પાકો પાકીઝા રાખે જેવી રીતે રાખવાનો હક્ક છે. આના પછી દરવાજા ઉપર વધુ જોરથી ખટખટાવતા હતા અને ફરમાવતા હતા ‘જેનાથી તમારી સુલેહ અને દોસ્તી છે તેનાથી મારી સુલેહ અને દોસ્તી છે અને જેનાથી તમારી જંગ છે, તેનાથી મારી પણ જંગ છે.

Az Zahra الزّهراء
PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

૧) સુરએ અહઝાબ, ૩૩
૨) બેહારૂલ અન્વાર, ભાગ-૩૫, પાના નં. ૨૧૫, હ. ૨૦ તફસીરે ફુરાતમાં નકલ કરતા

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ મુસા બિન જઅફર (અ.સ.)એ પોતાના પિતાથી આ રિવાયત નકલ કરી છે કે જે રાતની સવારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) શહીદ થયા તે રાત્રે રસુલુલ્લાહ (સ.અ.વ.)એ હઝરત અલી (અ.સ.)ને ફરમાવ્યું:

(مَا يُبْكِيكَ يَا عَلِيّ؟ لَيْسَ هَذَا أَوَانَ الْبُكَاءِ فَقَدْ حَانَ الْفِرَاقُ بَيْنِي وَ بَيْنَكَ۔ فَأَسْتَوْدِعُكَ اللّٰهَ يَا أَخِي۔ فَقَدِ اخْتَارَنِي رَبِّي مَا عِنْدَهُ۔ وَ إِنَّمَا بُكَائِي وَ غَمِّي۔ وَ حُزْنِي عَلَيْكَ وَ عَلَى هَذِهِ أَنْ تُضَيَّعَ بَعْدِي۔ فَقَدْ أَجْمَعَ الْقَوْمُ عَلَى ظُلْمِكُمْ۔ وَ قَدْ أَسْتَوْدِعُكُمُ اللّٰهَ وَ قَبِلَكُمْ مِنِّي وَدِيعَةً۔ يَا عَلِيُّ! إِنِّي قَدْ أَوْصَيْتُ فَاطِمَةَ، ابْنَتِي، بِأَشْيَاءَ وَ أَمَرْتُهَا أَنْ تُلْقِيهَا إِلَيْكَ، فَأَنْفِذْهَا، فَهِيَ الصَّادِقَةُ الصَّدُوقَةُ) ثُمَّ ضَمَّهَا إِلَيْهِ وَ قَبَّلَ رَأْسَهَا وَ قَالَ: (فِدَاكِ أَبُوكِ يَا فَاطِمَةُ!) فَعَلَا صَوْتُهَا بِالْبُكَاءِ۔ ثُمَّ ضَمَّهَا إِلَيْهِ وَ قَالَ: (أَمَا وَ اللّٰهِ! لَيَنْتَقِمَنَّ اللّٰهُ رَبِّي وَ لَيَغْضَبَنَّ لِغَضَبِكِ۔ فَالْوَيْلُ! ثُمَّ الْوَيْلُ! ثُمَّ الْوَيْلُ لِلظَّالِمِينَ!)

Az Zahra الزّهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

www.yusufezehra.com
Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

ثُمَّ بَکَی رَسُولُ اللّٰہِ صلی اللہ علیہ وآلہ وسلم۔ [૧]

યા અલી (અ.સ.)! તમે શા માટે રડી રહ્યા છો? આ રોવાનો સમય નથી. આ તમારી સાથે મારી જુદાઈનો સમય છે. અય ભાઈ! હું તમને ખુદાને હવાલે કરૂ છું. અલ્લાહે મને એ વસ્તુઓ માટે બોલાવ્યો છે જે તેની પાસે છે. તમારા માટે અને મારી દુખ્તર બાબતે મને ગીર્યા, રંજ અને ગમ એટલા માટે છે કે મારા પછી તમારી ઈઝઝત અને અઝમત વેડફી નાખવામાં આવશે. આ લોકો તમારા ઉપર ઝુલ્મ કરવા માટે એકમત થઈ ગયા છે. હું તમને લોકોને અલ્લાહના હવાલે કરૂ છું. અને અમાનતો તમારા હવાલે કરૂ છું. યા અલી (અ.સ.)! મેં મારી દુખ્તર ફાતેમા (સ.અ.)ને અમૂક વસિય્યતો કરી છે અને તેમને કહ્યું છે તે તમને બયાન કરી દેશે. તેના ઉપર અમલ કરજો. ફાતેમા (સ.અ.) સાચા છે અને તેમની સચ્ચાઈની ગવાહી આપી દેવામાં આવી છે. આના પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ જનાબે ફાતેમા (સ.અ.)ને પોતાની છાતીથી લગાવ્યા, પેશાનીનો બોસો લીધો અને ફરમાવ્યુંઃ તમારા પિતા તમારા ઉપર કુરબાન થાય! આ સાંભળી જનાબે ફાતેમા (સ.અ.)ના રડવાનો અવાજ બલંદ થઈ ગયો. રસુલુલ્લાહ (સ.અ.વ.)એ પાછા છાતીએ લગાવી લીધા અને ફરમાવ્યુંઃ ખુદાની કસમ! અલ્લાહ મારો પાલનહાર જરૂર બદલો લેશે. તે તમારી નારાઝગીથી નારાઝ થાય છે. જહન્નમ છે, જહન્નમ છે, ઝુલ્મ કરવાવાળાઓ માટે જહન્નમ છે. આના પછી આં હઝરત (સ.અ.વ.)એ ગીર્યા કર્યું.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૨૫, પાના નં. ૯૭, હ. ૬૯

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

મુજાહીદની રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)નો હાથ પકડી ઘરેથી બહાર આવ્યા અને ફરમાવ્યું:

مَنْ عَرَفَ هَذِهِ فَقَدْ عَرَفَهَا وَ مَنْ لَمْ يَعْرِفُهَا فَهِيَ فَاطِمَةُ بِنْتُ مُحَمَّدٍ وَ هِيَ بَضْعَةٌ مِنِّي وَ هِيَ قَلْبِي وَ رُوحِيَ الَّتِيْ بَيْنَ جَنْبَيَّ فَمَنْ آذَاهَا فَقَدْ آذَانِي وَ مَنْ آذَانِي فَقَدْ آذَى اللهَ[૧]

જે આમને જાણે છે તે જાણે છે અને જે આમને નથી ઓળખતો તે જાણી લે કે આ ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.વ.) છે. આ મારો ટૂકડો છે, મારૂં દિલ છે, મારૂ પહેલુ છે, મારી રૂહ છે. જેણે આમને ઈજા પહોંચાડી તેણે મને ઈજા પહોંચાડી અને જેણે મને ઈજા પહોંચાડી તેણે ખુદાને ઈજા પહોંચાડી.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પાના નં. ૫૪

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

www.yusufezehra.com
Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)એ ફરમાવ્યું:

لَمَّا أُسْرِيَ بِالنَّبِيِّ ﷺ قِيلَ لَهُ إِنَّ اللّٰهَ مُخْتَبِرُكَ فِي
ثَلَاثٍ لِيَنْظُرَ كَيْفَ صَبْرُكَ۔ قَالَ! أُسْلِمُ لِأَمْرِكَ يَا
رَبِّ...وَ أَمَّا ابْنَتُكَ فَتُظْلَمُ وَ تُحْرَمُ وَ يُؤْخَذُ حَقُّهَا
غَصْباً، الَّذِي تَجْعَلُهُ لَهَا۔ وَ تُضْرَبُ وَ هِيَ حَامِلٌ۔ وَ
يُدْخَلُ عَلَى حَرِيمِهَا وَ مَنْزِلِهَا بِغَيْرِ إِذْنٍ۔ ثُمَّ يَمَسُّهَا
هَوَانٌ وَ ذُلٌّ۔ ثُمَّ لَا تَجِدُ مَانِعاً۔ وَ تَطْرَحُ مَا فِي بَطْنِهَا
مِنَ الضَّرْبِ وَ تَمُوتُ مِنْ ذَلِكَ الضَّرْبِ...۔[૧]

જ્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) મેઅરાજ ઉપર તશરીફ લઈ ગયા અને આપ (સ.અ.વ.)ને કહેવામાં આવ્યું: ત્રણ બાબતોમાં તમારો ઈખ્તેયાર હશે, જોઈએ કે તમારી સબ્ર કેટલી છે? આં હઝરત (સ.અ.વ.)એ ફરમાવ્યું: મારા ખુદા! હું તારા હુકમની સામે તસ્લીમ છું.... એક એ કે તમારી દુખ્તર ઉપર ઝુલ્મ કરવામાં આવશે, તેમને તેમના હક્કથી વંચિત કરવામાં આવશે. તેમનો તે હક્ક છીનવી લેવામાં આવશે જે આપે તેમના માટે કરાર દીધો છે. તેઓ હામેલા હશે અને તેમના ઉપર હુમલો કરવામાં આવશે, તેમની ઈજાઝત વગર લોકો તેમના ઘરમાં, તેમના હરમમાં દાખલ થઈ જશે, જેના કારણે તેમને ખુબજ વધારે સદમો અને ગમ પહોંચશે. કોઈ તેમનું રક્ષણ કરવાવાળુ નહિ હોય. હુમલાના કારણે શિકમમાં તેમનું બાળક પડી જશે અને શહીદ થઈ જશે.

---

૧) સુરએ અહઝાબ, આયત ૩૩

Az Zahra الزهراء
PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

وَ أَمَّا ابْنَتِي فَاطِمَةُ فَإِنَّهَا سَيِّدَةُ نِسَاءِ الْعَالَمِينَ مِنَ الْأَوَّلِينَ وَ الْآخِرِينَ وَ هِيَ بَضْعَةٌ مِنِّي۔ وَ هِيَ نُورُ عَيْنِي۔ وَ هِيَ ثَمَرَةُ فُؤَادِي۔ وَ هِيَ رُوحِي الَّتِي بَيْنَ جَنْبَيَّ۔ وَ هِيَ الْحَوْرَاءُ الْإِنْسِيَّةُ۔ مَتَى قَامَتْ فِي مِحْرَابِهَا بَيْنَ يَدَيْ رَبِّهَا —جَلَّ جَلَالُهُ— زَهَرَ نُورُهَا لِمَلَائِكَةِ السَّمَاءِ۔ كَمَا يَزْهَرُ نُورُ الْكَوَاكِبِ لِأَهْلِ الْأَرْضِ۔ وَ يَقُولُ اللّٰهُ —عَزَّ وَ جَلَّ— لِمَلَائِكَتِهِ: يَا مَلَائِكَتِي! انْظُرُوا إِلَى أَمَتِي فَاطِمَةَ سَيِّدَةِ إِمَائِي قَائِمَةً بَيْنَ يَدَيَّ تَرْتَعِدُ فَرَائِصُهَا مِنْ خِيفَتِي وَ قَدْ أَقْبَلَتْ بِقَلْبِهَا عَلَى عِبَادَتِي۔ أُشْهِدُكُمْ أَنِّي قَدْ آمَنْتُ شِيعَتَهَا مِنَ النَّارِ۔ وَ إِنِّي لَمَّا رَأَيْتُهَا ذَكَرْتُ مَا يُصْنَعُ بِهَا بَعْدِي۔ كَأَنِّي بِهَا وَ قَدْ دَخَلَ الذُّلُّ بَيْتَهَا وَ انْتُهِكَتْ حُرْمَتُهَا وَ غُصِبَتْ حَقُّهَا وَ مُنِعَتْ إِرْثُهَا وَ كُسِرَ جَنْبُهَا وَ أَسْقَطَتْ جَنِينَهَا وَ هِيَ تُنَادِي: (يَا مُحَمَّدَاهُ!) فَلَا تُجَابُ وَ تَسْتَغِيثُ فَلَا تُغَاثُ ...فَتَكُونُ أَوَّلَ مَنْ يَلْحَقُنِي مِنْ أَهْلِ بَيْتِي۔ فَتَقْدَمُ عَلَيَّ مَحْزُونَةً مَكْرُوبَةً مَغْمُومَةً مَغْصُوبَةً مَقْتُولَةً۔ فَأَقُولُ عِنْدَ ذَلِكَ: اللّٰهُمَّ الْعَنْ مَنْ ظَلَمَهَا وَ عَاقِبْ مَنْ غَصَبَهَا وَ ذَلِّلْ مَنْ أَذَلَّهَا وَ خَلِّدْ فِي نَارِكَ مَنْ ضَرَبَ جَنْبَيْهَا حَتَّى أَلْقَتْ وَلَدَهَا۔ فَتَقُولُ الْمَلَائِكَةُ عِنْدَ ذَلِكَ: آمِينَ.[٩]

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

મારી દુખ્તર ફાતેમા (સ.અ.) પહેલા અને છેલ્લાની તમામ ઔરતોની સરદાર છે. આપ (સ.અ.) મારો ટૂકડો છે, મારી આંખોનું નૂર છે, મારા દિલનું ફળ છે, મારા પહેલુમાં મારી રૂહ અને જાન છે. આપ (સ.અ.) ઈન્સાની હૂર છે જ્યારે પણ મહેરાબે ઈબાદતમાં અલ્લાહની ઈબાદત માટે ઉભા રહેતા હતા તો તેમનું નૂર આસ્માનના ફરિશ્તાઓ માટે એવી રીતે ચમકતુ જેવી રીતે જમીનવાળાઓ માટે સિતારાઓ ચમકે છે. તે સમયે ખુદા અઝઝ વ જલ્લ પોતાના મલાએકાઓને ફરમાવે છેઃ 'અય મારા મલાએકાઓ મારી તમામ કનીઝોની સરદાર, મારી કનીઝ ફાતેમા (સ.અ.) ઉપર નઝર કરો. તેઓ મારી બારગાહમાં ઉભા છે અને મારા ખૌફથી ધ્રુજી રહ્યા છે. પૂરા દિલથી મારી ઈબાદતમાં લીન છે. હું તમને લોકોને ગવાહ રાખી કહું છું કે મેં તેમના શીઆઓને જહન્નમની આગથી અમાન આપી છે.

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

ત્યાર પછી આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

જ્યારે પણ હું તેમને જોવ છું તો તે બધા જ બનાવો અને ઝુલ્મો મારી નઝર સમક્ષ આવી જાય છે જેનો મારા પછી તેમને સામનો કરવો પડશે. જાણે કે હું ત્યાં મૌજુદ છું. કેવી રીતે ઝલીલ લોકો તેમના ઘરમાં દાખલ થઈ રહ્યા છે, તેમનો એહતેરામ પામાલ કરી રહ્યા છે, તેમનો હક્ક છીનવી લેવામાં આવી રહ્યો છે, તેમને તેમના વારસાથી વંચિત કરી દેવામાં આવી રહ્યા છે. તેમના પહેલુને શિકસ્તા કરી રહ્યા છે અને તેમના હમલને પાડી દેવામાં આવી રહ્યું છે અને તેઓ ફરિયાદ કરી રહ્યા છે 'વા મોહમ્મદા' પરંતુ કોઈ જવાબ દેવાવાળુ નથી, કોઈ ફરિયાદ સાંભળનાર નથી... મારા એહલેબૈતમાં તેઓ જ સૌથી પહેલા મારી સાથે મુલાકાત કરશે. મારી પાસે ખુબ જ ગમઝદા, શિકસ્તા હાલ, ગમગીન, દુઃખી, હક્કથી વંચિત થયેલા અને શહીદાની હાલતમાં આવશે. ત્યારે હું આમ ફરમાવીશ.

ખુદા! તે લોકો ઉપર લઅનત કર જેઓએ તેમના ઉપર ઝુલ્મ કર્યો, તેમને અઝાબમાં મુબ્તેલા કર જેઓએ તેમનો હક્ક છીનવી લીધો, તે લોકોને ઝલીલ કર જેઓએ તેમની બેહુરમતી કરી અને જે લોકોએ તેમના પહેલુ ઉપર તલ્વાર મારી જેના કારણે તેમનું બાળક પડી ગયુ. તે લોકોને જહન્નમમાં કાયમી અઝાબમાં ગીરફતાર કર. તે સમયે ફરિશ્તાઓ કહેશે આમીન.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પાના નં. ૭૨, હ. ૧૩ શૈખે સદુક (અ.ર.)ની આમાલીમાં નકલ કરતા

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.: AZZAHRA Imambada Baqerya 20/24, Raudat Tahera Street, Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

**જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)એ વસિય્યત લખીને પોતાના સિરહાને રાખી દીધી હતીઃ**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيمِ۔ هٰذَا مَا أَوْصَتْ بِهِ فَاطِمَةُ،
بِنْتُ رَسُولِ اللّٰهِ ﷺ ...يَا عَلِيُّ! أَنَا فَاطِمَةُ، بِنْتُ
مُحَمَّدٍ۔ زَوَّجَنِي اللّٰهُ مِنْكَ لِأَكُونَ لَكَ فِي الدُّنْيَا وَ الْآخِرَةِ۔
أَنْتَ أَوْلَى بِي مِنْ غَيْرِي۔ حَنِّطْنِي وَ غَسِّلْنِي وَ كَفِّنِّي بِاللَّيْلِ وَ
صَلِّ عَلَيَّ وَ ادْفِنِّي بِاللَّيْلِ وَ لَا تُعْلِمْ أَحَداً۔ وَ أَسْتَوْدِعُكَ
اللّٰهَ وَ أَقْرَأُ عَلَى وُلْدِي السَّلَامَ إِلَى يَوْمِ الْقِيَامَةِ۔[૧]

**બિસ્મિલ્લાહીર રહમાનીર રહીમ. આ દુખ્તરે રસુલે ખુદા (સ.અ.વ.) ફાતેમાની વસિય્યત છે. યઅ અલી (અ.સ.)! હું મોહમ્મદ (સ.અ.વ.)ની દીકરી ફાતેમા છું. ખુદાએ તમારી સાથે મારી શાદી કરી જેથી દુનિયા અને આખેરતમાં હું તમારી સાથે રહું. બીજાઓની સરખામણીએ તમે મારા માટે ઉચ્ચ છો. તમે જ મને હુનુત, ગુસ્લ અને કફન આપજો અને આ બધુ રાતના અંધકારમાં અંજામ આપજો. તમે જ મારી નમાઝે જનાઝા પડાવજો, રાતના મને દફન કરજો અને કોઈને તેની ખબર આપતા નહિ. હું તમને અલ્લાહને હવાલે કરૂં છું અને કયામતની સવાર સુધી આવનારા મારા ફરઝંદોને મારા સલામ પહોંચાડજો.**

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પાના નં. ૨૧૪

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ હુસૈન (અ.સ.) ફરમાવે છે:

لَمَّا قُبِضَتْ فَاطِمَةُ علیها السّلام دَفَنَهَا أَمِيرُ الْمُؤْمِنِينَ سِرّاً
وَ عَفَا عَلَى مَوْضِعِ قَبْرِهَا۔ ثُمَّ قَامَ فَحَوَّلَ وَجْهَهُ إِلَى قَبْرِ
رَسُولِ اللّٰهِ ﷺ فَقَالَ: السَّلَامُ عَلَيْكَ يَا رَسُولَ اللّٰهِ
عَنِّي وَ السَّلَامُ عَلَيْكَ عَنِ ابْنَتِكَ وَ زَائِرَتِكَ وَ الْبَائِتَةِ
فِي الثَّرَى بِبُقْعَتِكَ وَ الْمُخْتَارِ اللّٰهُ لَهَا سُرْعَةَ اللِّحَاقِ
بِكَ۔ قَلَّ يَا رَسُولَ اللّٰهِ عَنْ صَفِيَّتِكَ صَبْرِي وَ عَفَا عَنْ
سَيِّدَةِ نِسَاءِ الْعَالَمِينَ تَجَلُّدِي۔... قَدِ اسْتُرْجِعَتِ
الْوَدِيعَةُ وَ أُخِذَتِ الرَّهِينَةُ وَ أُخْلِسَتِ الزَّهْرَاءُ۔ فَمَا
أَقْبَحَ الْخَضْرَاءَ وَ الْغَبْرَاءَ! يَا رَسُولَ اللّٰهِ! أَمَّا حُزْنِي
فَسَرْمَدٌ وَ أَمَّا لَيْلِي فَمُسَهَّدٌ... فَبِعَيْنِ اللّٰهِ تُدْفَنُ
ابْنَتُكَ سِرّاً وَ تُهْضَمُ حَقَّهَا وَ تُمْنَعُ إِرْثَهَا...!٩

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

જ્યારે જનાબે ફાતેમા (સ.અ.) શહીદ થયા ત્યારે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ તેમને ખામોશી સાથે દફન કરી દીધા અને કબ્ર ઉપર માટી નાખી દીધી. પછી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની પાક કબ્ર તરફ ફર્યા અને ફરમાવ્યું:

યા રસુલુલ્લાહ તમારા ઉપર મારા તરફથી સલામ થાય અને તમારી દુખ્તર તરફથી અને તમારી ઝિયારત કરવાવાળા તરફથી, તમારી તરફ આવનાર તરફથી. ખુદાવંદે આલમે ખુબ જ જલ્દી તેમને તમારી સાથે મેળવી દીધા. યા રસુલુલ્લાહ (સ.અ.વ.)! તમારી પસંદીદા દુખ્તરની જુદાઈ ઉપર સબ્ર નથી થઈ શકતો. તમામ ઔરતોની સરદારની જુદાઈ એ મારી તાકત ખત્મ કરી દીધી છે. અમાનત પાછી લઈ લેવામાં આવી. કિંમતી અમાનત પાછી ચાલી ગઈ. ઝહરા (સ.અ.)ને ઝુલ્મોથી નજાત મળી ગઈ. હવે આસ્માન અને જમીન કેટલા ખરાબ લાગી રહ્યા છે. યા રસુલુલ્લાહ (સ.અ.વ.)! હવે મારો ગમ હંમેશા રહેશે અને મારી રાતો જાગીને પસાર થશે. શું આ મુસીબત ઓછી છે કે ખુદાની આંખો સામે આપની દુખ્તર ખામોશીથી દફન કરવામાં આવે? તેમનો હક્ક છીનવી લેવામાં આવે અને તેમના વારસાથી તેમને વંચિત રાખવામાં આવે.

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૨૫, પાના નં. ૯૭, હદીસ ૬૯

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ અલી ઈબ્ને મુસા રેઝા (અ.સ.) ફરમાવે છેઃ

كَانَتْ لَنَا اُمٌّ صَالِحَةٌ مَاتَتْ وَهِيَ عَلَيْهِمَا سَاخِطَةٌ۔ وَلَمْ
يَاتِنَا بَعْدَ مَوْتِهَا خَبَرٌ اَنَّهَا رَضِيَتْ عَنْهُمَا۔[૧]

મારા દાદી ખુદાના નેક કનીઝ હતા, પોતાની શહાદતના સમયે તે બન્નેથી નારાઝ હતા, તેમની શહાદત પછી અમારી પાસે એવી કોઈ ખબર નથી આવી કે તેઓ બન્નેથી રાઝી થઈ ગયા હોય.

---

૧) અત્તારાએફ, ભાગ-૧, પાના નં. ૨૫૨, હદીસ ૩૫૧

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

www.yusufezehra.com
Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ અલી ઈબ્ને મુસા રેઝા (અ.સ.)એ પોતાના બાપ-દાદાઓથી આ રિવાયત નકલ કરી છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

إِنَّ اللّٰهَ لَيَغْضَبُ لِغَضَبِ فَاطِمَةَ وَيَرْضَى لِرِضَاهَا۔[١]

**બેશક ખુદાવંદે આલમ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની નારાઝગીથી નારાઝ છે અને તેમની ખુશીથી ખુશ થાય છે.**

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પાના નં. ૧૯, હદીસ ૪ ઓયુને અખ્બારે રેઝામાંથી નકલ કરતા

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

www.yusufezehra.com
Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

فَاطِمَةُ بَضْعَةٌ مِنِّيْ۔ مَنْ سَرَّهَا۔ فَقَدْ سَرَّنِيْ وَ مَنْ سَائَهَا، فَقَدْ سَاءَنِيْ۔ فَاطِمَةُ اَعَزُّ الْبَرِيَّةِ عَلَيَّ۔ [١]

જનાબે ફાતેમા (સ.અ.) મારા વજુદનો હિસ્સો છે. જેણે આપ (સ.અ.)ને ખુશ કર્યા તેણે મને ખુશ કર્યો, જેણે આપ (સ.અ.)ને ગમગીન કર્યા તેણે મને ગમગીન કર્યો. જનાબે ફાતેમા (સ.અ.) મારા માટે તમામ મખ્લુકાતથી વધારે માનનીય છે.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પાના નં. ૩૯, હદીસ ૪૧ મનાકીબ ઈબ્ને શહેર આશુબથી નકલ કરતા

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in



www.yusufezehra.com
Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છેઃ

وَ أَوَّلُ مَنْ يُحْكَمُ فِيهِ مُحَسِّنُ بْنُ عَلِيٍّ عليهما السّلام
فِي قَاتِلِهِ۔ ثُمَّ فِي قُنْفُذٍ۔ فَيُؤْتَيَانِ هُوَ وَ صَاحِبُهُ
فَيُضْرَبَانِ بِسِيَاطٍ مِنْ نَارٍ لَوْ وَقَعَ سَوْطٌ مِنْهَا عَلَى
الْبِحَارِ، لَغَلَتْ مِنْ مَشْرِقِهَا إِلَى مَغْرِبِهَا وَ لَوْ وُضِعَتْ عَلَى
جِبَالِ الدُّنْيَا، لَذَابَتْ حَتَّى تَصِيرَ رَمَاداً فَيُضْرَبَانِ بِهَا۔[1]

કયામતના મૈદાનમાં સૌથી પહેલા જેનો ફેંસલો કરવામાં આવશે તે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના ફરઝંદ જનાબે મોહસીનના કાતીલના બારામાં ફેંસલો હશે. પછી કૂન્ફુઝના બારામાં, તેને તેના બન્ને સાથીઓની સાથે એવી રીતે લાવવામાં આવશે કે તેને આગના કોરડા મારવામાં આવશે. અગર તેનો એક કોરડો જમીનના દરિયાઓમાં પડી જાય તો ઉકળવા લાગે, અગર દુનિયાના પહાડો ઉપર પડી જાય તો પીગળીને રાખ થઈ જાય. આવા કોરડાઓથી તે બન્નેની પીટાઈ કરવામાં આવશે.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૨૮, પાના નં. ૬૪, હદીસ ૨૪ કામેલુઝ ઝિયારતથી નકલ કરતા

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.: AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)એ જનાબે મુફઝઝલ બિન ઉમરને ફરમાવ્યું:

...وَ يَأْتِي مُحَسِّنٌ تَحْمِلُهُ خَدِيجَةُ بِنْتُ خُوَيْلِدٍ وَ فَاطِمَةُ بِنْتُ أَسَدٍ أُمُّ أَمِيرِ الْمُؤْمِنِينَ عليه السّلام وَ هُنَّ صَارِخَاتٌ وَ أُمُّهُ فَاطِمَةُ تَقُولُ: ﴿هذا يَوْمُكُمُ الَّذِي كُنْتُمْ تُوعَدُونَ﴾[૧] الْيَوْمَ ﴿تَجِدُ كُلُّ نَفْسٍ ما عَمِلَتْ مِنْ خَيْرٍ مُحْضَراً وَ ما عَمِلَتْ مِنْ سُوءٍ تَوَدُّ لَوْ أَنَّ بَيْنَها وَ بَيْنَهُ أَمَداً بَعِيداً﴾[૨] قَالَ: فَبَكَى الصَّادِقُ عليه السّلام حَتَّى اخْضَلَّتْ لِحْيَتُهُ بِالدُّمُوعِ. ثُمَّ قَالَ: لَا قَرَّتْ عَيْنٌ لَا تَبْكِي عِنْدَ هَذَا الذِّكْرِ. قَالَ وَ بَكَى الْمُفَضَّلُ بُكَاءً طَوِيلًا. ثُمَّ قَالَ: يَا مَوْلَايَ! مَا فِي الدُّمُوعِ يَا مَوْلَايَ؟ فَقَالَ: مَا لَا يُحْصَى إِذَا كَانَ مِنْ مُحِقٍّ. ثُمَّ قَالَ الْمُفَضَّلُ: يَا مَوْلَايَ! مَا تَقُولُ فِي قَوْلِهِ تَعَالَى: ﴿وَ إِذَا الْمَوْؤُدَةُ سُئِلَتْ بِأَيِّ ذَنْبٍ قُتِلَتْ﴾[3] قَالَ: يَا مُفَضَّلُ! وَ الْمَوْؤُدَةُ —وَاللّٰهِ— مُحَسِّنٌ. لِأَنَّهُ مِنَّا لَا غَيْرُ. فَمَنْ

---

૧) સુરએ અંબીયા, આયત ૧૦૩

૨) સુરએ આલે ઈમરાન, આયત ૩૦

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.: AZZAHRA Imambada Baqerya 20/24, Raudat Tahera Street, Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

www.yusufezehra.com
Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

قَالَ غَيْرَ هٰذَا، فَكَذَّبُوْهُ ـ[1]

... અને કયામતના મૈદાનમાં જનાબે ખદીજા બિન્તે ખોવૈલદ (સ.અ.) અને અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના માતા જનાબે ફાતેમા બિન્તે અસદ (સ.અ.) એવી રીતે આવશે કે જનાબે 'મોહસીન અ.સ.' ગોદમાં હશે અને ગીર્યા કરી રહ્યા હશે અને જનાબે 'મોહસીન'ની માતા જનાબે ફાતેમા ત્યાં મૌજુદ હશે અને ફરમાવશે (આ એ દિવસ છે જેનો તમારાથી વાયદો કરવામાં આવ્યો હતો)[2] (તે દિવસે દરેક શખ્સ પોતાના બધા આમાલને હાજર પામશે જે કાંઈ નેક કામ કર્યા હશે તે ત્યાં હાજર હશે અને જે કાંઈ ખરાબ કામ કર્યા હશે, તેની ઈચ્છા એ હશે કે કાશ! એ ખરાબ કામો અને મારી દરમ્યાન ખુબ જ વધારે અંતર હોત)[3]. મુફઝઝલનું બયાન છે કે આના પછી હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)એ એટલી હદે ગીર્યા કર્યું કે તેમની દાઢી મુબારક આંસુઓથી ભીની થઈ ગઈ અને ફરમાવ્યુંઃ એ બનાવોને સાંભળીને જેની આંખમાં આંસુ ન આવે તે આંખને ઠંડક નસીબ ન થાય. આ સાંભળીને મુફઝઝલે પણ ખુબ ગીર્યા કર્યું અને અરઝ કરીઃ અય મારા મૌલા! આંસુઓનો શું સવાબ છે?

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૫૩, પાના નં. ૨૩

૨) સુરએ અંબીયા, આયત ૧૦૩

૩) સુરએ આલે ઈમરાન, આયત ૩૦

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.: AZZAHRA Imambada Baqerya 20/24, Raudat Tahera Street, Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

ફરમાવ્યુંઃ અગર હક્ક ધરાવનારની આંખોમાંથી આ આંસુઓ વહે તો તેનો સવાબ ગણી શકાતો નથી. પછી જનાબે મુફઝઝલે ઈમામ જઅફર સાદિક (અ.સ.)થી આ આયતના બારામાં સવાલ કર્યો (જે દિવસે એ બાળકના બારામાં સવાલ કરવામાં આવશે જેને જીવતા દફન કરી દેવામાં આવ્યો કે કયા ગુનાહના કારણે તેને કત્લ કરવામાં આવ્યો).[૧] ઈમામ (અ.સ.)એ ફરમાવ્યુંઃ અય મુફઝઝલ! ખુદાની કસમ તેનાથી મુરાદ જનાબે મોહસીન (અ.સ.) છે. તેઓ અમારા ખાનદાનથી છે, બીજા કોઈથી નહિ. અગર કોઈ તેના સિવાય બીજી કોઈ વાત કહે તો તેને જૂઠલાવો.

---

૧) સુરએ તકવીર, આયત ૮-૯

Az Zahra PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

જનાબે સલમાને ફારસી (અ.ર.)એ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી આ રિવાયત નકલ કરી છે જેમાં આં હઝરત (સ.અ.વ.) ફરમાવે છે:

يَا سَلْمَانُ! مَنْ أَحَبَّ فَاطِمَةَ ابْنَتِي فَهُوَ فِي الْجَنَّةِ مَعِي وَ
مَنْ أَبْغَضَهَا، فَهُوَ فِي النَّارِ۔ يَا سَلْمَانُ! حُبُّ فَاطِمَةَ
يَنْفَعُ فِي مِائَةِ مَوْطِنٍ أَيْسَرُ تِلْكَ الْمَوَاطِنِ الْمَوْتُ وَ
الْقَبْرُ وَ الْمِيزَانُ وَ الْمَحْشَرُ وَ الصِّرَاطُ وَ الْمُحَاسَبَةُ۔
فَمَنْ رَضِيَتْ عَنْهُ ابْنَتِي فَاطِمَةُ، رَضِيتُ عَنْهُ وَ مَنْ
رَضِيتُ عَنْهُ، رَضِيَ اللّٰهُ عَنْهُ وَ مَنْ غَضِبَتْ عَلَيْهِ
فَاطِمَةُ، غَضِبْتُ عَلَيْهِ وَ مَنْ غَضِبْتُ عَلَيْهِ، غَضِبَ اللّٰهُ
عَلَيْهِ، يَا سَلْمَانُ! وَيْلٌ لِمَنْ يَظْلِمُهَا وَ يَظْلِمُ ذُرِّيَّتَهَا وَ
شِيعَتَهَا![٩]

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

યા સલમાન! જે જનાબે ફાતેમા (સ.અ.)થી મોહબ્બત કરે છે તે જન્નતમાં મારી સાથે હશે અને જે આપ (સ.અ.)થી દુશ્મની રાખશે તે જહન્નમમાં જશે. અય સલમાન! જનાબે ફાતેમા (સ.અ.)ની મોહબ્બત ૧૦૦ મૌકાઓ ઉપર કામ લાગશે. તેમાં સૌથી આસાન મૌકાઓ મૌત, કબ્ર, હશ્રનું મૈદાન, પૂલે સેરાત, હિસાબ અને કિતાબ છે. જેનાથી મારી દુખ્તર ફાતેમા (સ.અ.) ખુશ છે તેનાથી હું પણ ખુશ છું અને જેનાથી હું ખુશ છું તેનાથી ખુદા રાઝી છે. જેનાથી મારી દુખ્તર ફાતેમા (સ.અ.) નારાઝ છે, તેનાથી હું પણ નારાઝ છું અને જેનાથી હું નારાઝ છું તેના ઉપર ખુદા ગઝબનાક છે.

અય સલમાન! જે શખ્સ આપ (સ.અ.) ઉપર, આપની ઝુર્રીયત ઉપર અને આપના શીઆઓ ઉપર ઝુલ્મ કરે તો તેના માટે જહન્નમ છે.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૨૭, પાના નં. ૧૧૬, હદીસ ૯૪

Az Zahra PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

**જનાબ ઈબ્ને અબ્બાસની રિવાયત છે કે તેઓએ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા:**

دَخَلَ رَسُولُ اللّٰهِ صلى الله عليه وآله ذَاتَ يَوْمٍ عَلَى فَاطِمَةَ عليها السّلام وَ هِيَ حَزِينَةٌ۔ فَقَالَ لَهَا: مَا حُزْنُكِ يَا بُنَيَّةِ؟ قَالَتْ: يَا أَبَتِ! ذَكَرْتُ الْمَحْشَرَ وَ وُقُوفَ النَّاسِ عُرَاةً يَوْمَ الْقِيَامَةِ۔ قَالَ يَا بُنَيَّةِ! إِنَّهُ لَيَوْمٌ عَظِيمٌ۔ وَ لَكِنْ قَدْ أَخْبَرَنِي جَبْرَئِيلُ عَنِ اللّٰهِ — عَزَّ وَ جَلَّ — أَنَّهُ قَالَ: أَوَّلُ مَنْ تَنْشَقُّ عَنْهُ الْأَرْضُ يَوْمَ الْقِيَامَةِ أَنَا، ثُمَّ أَبِي إِبْرَاهِيمُ، ثُمَّ بَعْلُكِ عَلِيُّ بْنُ أَبِي طَالِبٍ عليه السّلام ثُمَّ يَبْعَثُ اللّٰهُ إِلَيْكِ جَبْرَئِيلَ فِي سَبْعِينَ أَلْفَ مَلَكٍ فَيَضْرِبُ عَلَى قَبْرِكِ سَبْعَ قِبَابٍ مِنْ نُورٍ... ثُمَّ يَقُولُ جَبْرَئِيلُ: يَا فَاطِمَةُ! سَلِي حَاجَتَكِ۔ فَتَقُولِينَ: يَا رَبِّ! شِيعَتِي! فَيَقُولُ اللّٰهُ — عَزَّ وَ جَلَّ —: قَدْ غَفَرْتُ لَهُمْ فَتَقُولِينَ: يَا رَبِّ! شِيعَةُ وُلْدِي! فَيَقُولُ اللّٰهُ: قَدْ غَفَرْتُ لَهُمْ فَتَقُولِينَ: يَا رَبِّ! شِيعَةُ شِيعَتِي! فَيَقُولُ اللّٰهُ: انْطَلِقِي فَمَنِ اعْتَصَمَ بِكِ فَهُوَ مَعَكِ فِي الْجَنَّةِ۔ فَعِنْدَ ذٰلِكِ يَوَدُّ الْخَلَائِقُ أَنَّهُمْ كَانُوا فَاطِمِيِّينَ۔ فَتَسِيرِينَ وَ مَعَكِ شِيعَتُكِ وَ شِيعَةُ وُلْدِكِ وَ شِيعَةُ أَمِيرِالْمُؤْمِنِينَ، آمِنَةً رَوْعَاتُهُمْ، مَسْتُورَةً عَوْرَاتُهُمْ، قَدْ ذَهَبَتْ عَنْهُمُ الشَّدَائِدُ وَ سَهُلَتْ لَهُمُ الْمَوَارِدُ...[٩]

Az Zahra الزهراء
PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

એક દિવસ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) જનાબે ફાતેમા (સ.અ.)ને મળવા આવ્યા. તે સમયે આપ (સ.અ.) ખૂબ જ ગમગીન હતા. આપ હઝરત (સ.અ.વ.)એ તેમના ગમગીન હોવાનું કારણ પુછયુંઃ અય મારી દુખ્તર તમે શા માટે ગમગીન છો? આપ (સ.અ.)એ ફરમાવ્યુંઃ બાબાજાન! હું મહશર અને કયામતના મૈદાનના બારામાં લોકોના કપડા વિનાની હાલતમાં ઉઠાડવાના બારામાં વિચારી રહી હતી. આપ હઝરત (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ અય મારી લખ્તે જીગર! બેશક તે એક મહાન દિવસ હશે પરંતુ જનાબે જીબ્રઈલ (અ.સ.)એ ખુદા તરફથી મને ખબર આપી છે કે બેશક કયામતમાં સૌથી પહેલા હું જમીનમાંથી બહાર આવીશ, પછી મારા જદ્દ જનાબે ઈબ્રાહીમ (અ.સ.), તમારા પતિ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.). ત્યારબાદ ખુદાવંદે આલમ ૭૦૦૦૦ ફરિશ્તાઓની સાથે જનાબે જીબ્રઈલ (અ.સ.)ને તમારી કબ્રની પાસે મોકલશે. તમારી કબ્ર મુબારક ઉપર નૂરના ૭ ખૈમાઓ લગાવવામાં આવશે.... પછી જનાબે જીબ્રઈલ (અ.સ.) તમારી ખિદમતમાં અરઝ કરશેઃ અય ફાતેમા (સ.અ.)! તમે તમારી હાજત બયાન કરો. તે સમયે તમે ફરમાવશોઃ અય મારા પરવરદિગાર! મારા શીઆઓ? ખુદા ફરમાવશેઃ મેં તેઓ બધાને માફ કરી દીધા. પછી તમે કહેશો મઅબુદ! મારા ફરઝંદના શીઆઓ?

---

૧) સુરએ અહઝાબ, આયત નં. ૩૩

Az Zahra الزهراء
PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા
# ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

ખુદાવંદે અઝઝ વ જલ્લ ફરમાવશેઃ મેં તેઓ બધાને પણ માફ કરી દીધા છે. પછી આપ ફરમાવશોઃ ખુદાયા! મારા શીઆઓના શીઆ? ખુદા ફરમાવશેઃ અય ફાતેમા (સ.અ.) તમે જાઓ અને જુઓ, જે તમારી સાથે મુતમસ્સીક છે તે તમારી સાથે જન્નતમાં હશે. તે સમયે તમામ મખ્લુકાત આ તમન્ના કરશે કે 'કાશ અમે પણ ફાતેમી હોત' (કાશ અમે પણ ફાતેમા (સ.અ.)ના શીઆઓ હોત!). તમે જન્નતની તરફ જશો. તમારા શીઆ, તમારા ફરઝંદોના શીઆ, અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના શીઆ તમારી સાથે હશે. તેઓ ખૌફથી અમ્નો અમાનમાં હશે. તેઓના શરીરો ઉપર લિબાસ હશે, તેમની તકલીફો દૂર થઈ ચૂકી હશે, તેમના માટે રસ્તાઓ આસાન થઈ ચૂકયા હશે.

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

જનાબે જાબીર (અ.ર.)એ ઈમામ જઅફર સાદિક (અ.સ.)થી તેઓએ પોતાના પિતાથી તેઓએ ફરમાવ્યું મને મારા પિતાએ તેઓએ તેમના પિતાથી તેઓએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત નકલ કરી છે કે આપ હઝરત (સ.અ.વ.)એ ફરમાવ્યું:

إِذَا كَانَ يَوْمُ الْقِيَامَةِ ... فَيَقُولُ اللّٰهُ تَعَالَى: يَا أَهْلَ
الْجَمْعِ! إِنِّي قَدْ جَعَلْتُ الْكَرَمَ لِمُحَمَّدٍ وَ عَلِيٍّ وَ الْحَسَنِ وَ
الْحُسَيْنِ وَ فَاطِمَةَ۔ يَا أَهْلَ الْجَمْعِ! طَأْطِئُوا الرُّءُوسَ وَ
غُضُّوا الْأَبْصَارَ۔ فَإِنَّ هَذِهِ فَاطِمَةُ تَسِيرُ إِلَى الْجَنَّةِ ...
فَإِذَا صَارَتْ عِنْدَ بَابِ الْجَنَّةِ، تَلْتَفِتُ فَيَقُولُ اللّٰهُ: يَا
بِنْتَ حَبِيبِي! مَا الْتِفَاتُكِ وَ قَدْ أَمَرْتُ بِكِ إِلَى جَنَّتِي؟
فَتَقُولُ: يَا رَبِّ! أَحْبَبْتُ أَنْ يُعْرَفَ قَدْرِي فِي مِثْلِ هَذَا
الْيَوْمِ۔ فَيَقُولُ اللّٰهُ: يَا بِنْتَ حَبِيبِي! ارْجِعِي، فَانْظُرِي
مَنْ كَانَ فِي قَلْبِهِ حُبٌّ لَكِ أَوْ لِأَحَدٍ مِنْ ذُرِّيَّتِكِ، خُذِي
بِيَدِهِ فَأَدْخِلِيهِ الْجَنَّةَ۔ قَالَ أَبُو جَعْفَرٍ عليه السّلام: وَ اللّٰهِ،
يَا جَابِرُ! إِنَّهَا ذَلِكَ الْيَوْمَ لَتَلْتَقِطُ شِيعَتَهَا وَ مُحِبِّيهَا كَمَا
يَلْتَقِطُ الطَّيْرُ الْحَبَّ الْجَيِّدَ مِنَ الْحَبِّ الرَّدِيءِ۔ فَإِذَا صَارَ

Az Zahra الزهراء
PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

شِيعَتُهَا مَعَهَا عِنْدَ بَابِ الْجَنَّةِ، يُلْقِي اللّٰهُ فِي قُلُوبِهِمْ أَنْ يَلْتَفِتُوا۔ فَإِذَا الْتَفَتُوا، فَيَقُولُ اللّٰهُ —عَزَّ وَ جَلَّ—: يَا أَحِبَّائِي! مَا الْتِفَاتُكُمْ وَ قَدْ شَفَّعْتُ فِيكُمْ فَاطِمَةَ، بِنْتَ حَبِيبِي؟ فَيَقُولُونَ: يَا رَبِّ! أَحْبَبْنَا أَنْ يُعْرَفَ قَدْرُنَا فِي مِثْلِ هَذَا الْيَوْمِ۔ فَيَقُولُ اللّٰهُ: يَا أَحِبَّائِي! ارْجِعُوا، وَ انْظُرُوا مَنْ أَحَبَّكُمْ لِحُبِّ فَاطِمَةَ؟ اُنْظُرُوا مَنْ أَطْعَمَكُمْ لِحُبِّ فَاطِمَةَ؟ انْظُرُوا مَنْ كَسَاكُمْ لِحُبِّ فَاطِمَةَ؟ انْظُرُوا مَنْ سَقَاكُمْ شَرْبَةً فِي حُبِّ فَاطِمَةَ؟ اُنْظُرُوا مَنْ رَدَّ عَنْكُمْ غِيْبَةً فِي حُبِّ فَاطِمَةَ؟ خُذُوا بِيَدِهِ وَ أَدْخِلُوهُ الْجَنَّةَ۔[1]

જ્યારે કયામતનો દિવસ હશે.... ખુદાવંદે આલમ ફરમાવશેઃ અય મહશરવાળાઓ! 'બેશક મેં ઈઝઝત અને શરાફત મોહમ્મદ (સ.અ.વ.), અલી (અ.સ.), હસન (અ.સ.), હુસૈન (અ.સ.) અને ફાતેમા (સ.અ.)ના માટે કરાર દીધી છે. અય મહશરવાળાઓ! તમારા સરોને ઝુકાવી દો, આંખોને બંદ કરી લો. આ ફાતેમા (સ.અ.) જન્નતની તરફ જવા ઈચ્છે છે.... જ્યારે જનાબે ફાતેમા (સ.અ.) જન્નતના દરવાજા ઉપર પહોંચશે ત્યારે ખુદાની તરફથી રૂખ કરશે. ખુદા ફરમાવશેઃ અય મારા હબીબની દુખ્તર! તમે શા માટે જોઈ રહ્યા છો? મેં તમને જન્નતમાં જવા માટે કહ્યું છે. જનાબે ફાતેમા (સ.અ.) અરઝ કરશેઃ ખુદાયા! હું ચાહુ છું કે આજના દિવસ

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

# ૪૦ હદીસો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ફઝીલતમાં

મારી મન્ઝેલત જાહેર થઈ જાય. ખુદાવંદે આલમ ફરમાવશેઃ જાઓ, મૈદાને મહેશરમાં જાઓ અને જુઓ જેના દિલમાં તમારી મોહબ્બત હોય અથવા તમારી ઝુર્રીયતમાંથી કોઈ એકની મોહબ્બત હોય તેનો હાથ પકડો અને જન્નતમાં દાખલ કરો. તે સમયે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)એ ફરમાવ્યુંઃ અય જાબીર! તે દિવસે જનાબે ફાતેમા (સ.અ.) એવી રીતે પોતાના શીઆઓને અને પોતાના ચાહવાવાળાઓને એક એક કરીને ઉઠાવશે જેવી રીતે પક્ષી સારા અને ખરાબ દાણાઓમાંથી સારા દાણાને ચૂંટે છે અને જ્યારે આપ (સ.અ.)ના શીઆ આપની સાથે જન્નતના દરવાજા ઉપર પહોંચશે ત્યારે ખુદા તેઓના દિલમાં આ વાત નાખી દેશે કે તેઓ ખુદાની તરફ રૂખ કરશે અને જ્યારે તેઓ ખુદા તરફ મુતવ્વજેહ થશે ત્યારે ખુદાવંદે અઝઝ વ જલ્લ ફરમાવશેઃ અય મારા દોસ્તો! તમે શા માટે ત્યાં જોઈ રહ્યા છો? મેં મારા હબીબની દુખ્તર જનાબે ફાતેમા (સ.અ.)ની શફાઅત તમારા હક્કમાં કબુલ કરી લીધી છે. તે સમયે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ના શીઆઓ ખુદાની બારગાહમાં અરઝ કરશેઃ મારા પરવરદિગાર! અમે ચાહીએ છીએ કે આજના દિવસે અમારી પણ કદ્ર અને મન્ઝેલત જાહેર થઈ જાય. ખુદાવંદે આલમ ફરમાવશેઃ અય મારા દોસ્તો! જાઓ, મૈદાને મહશરમાં જાઓ અને જુઓ કોણ તમને જનાબે ફાતેમા (સ.અ.)ના માટે દોસ્ત રાખતુ હતું? જુઓ કોણે તમને જનાબે ફાતેમા (સ.અ.)ની ખુશી માટે ખાવાનું ખવડાવ્યુ અથવા તમને જનાબે ફાતેમા (સ.અ.)ની ખુશી માટે લિબાસ આપ્યો. કોણે તમને જનાબે ફાતેમા (સ.અ.)ની ખુશી માટે પાણી પીવડાવ્યુ, કોણે જનાબે ફાતેમા (સ.અ.)ની ખુશી માટે તમારી ગેરહાજરીમાં તમારો બચાવ કર્યો? તે બધાનો હાથ પકડો અને બધાને જન્નતમાં લઈ જાવ.

---

૧) બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પાના નં. ૬૪, હદીસ ૫૭ તફસીરે ફૂરાતથી નકલ કરતા

Az Zahra الزهراء PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

www.yusufezehra.com
Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ

الحمدلله اولاً و آخراً

Az Zahra الزهراء
PUBLICATION
Regd. Off.:
AZZAHRA
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA
Email us : info@azzahra.in Website : www.azzahra.in

Az Zahra الزهراء
PUBLICATION

Regd. Off.:
**AZZAHRA**
Imambada Baqerya
20/24, Raudat Tahera Street,
Mumbai - 400 003. INDIA

**Kindly join and forward these links to your friends to invite for Islamic teachings**

Basic Shia ithna asheri Islamic Course is now available on Google Play Store  and Apple App StoreDownload latest version now

**http://onelink.to/azzahra**

**Follow us on:**
azzahra.in/
facebook.com/azzahra1430/
twitter.com/azzahra1430
t.me/azzahra1430
instagram.com/azzahra.1430/

**Email us : info@azzahra.in Website : www.azzahra.in**

www.yusufezehra.com



Yusuf e Zahra Channel Link
https://www.youtube.com/channel/UC-OriNVUr89P_U-0n_yJZsQ